PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmai l.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૨/કવા–૦૩/૧૭–૧૮/ 9950 તા. 23-11-17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
રઘુભાઈ જીણાભાઈ પોકર,
ઘોઘાવદર
તા. ગોંડલ
જી: રાજકોટ
મો: ૯૫૭૩૦ ૭૦૪૫૦

**વિષય :–ખેત જોડાણ મા વીજતાર લગાડવા સામે વાંધા અરજી**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૦૩–૧૦–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૦૨/કવા–૦૩/૧૭–૧૮ )**

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

**નકલ રવાના :**
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ગોંડલ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, કોટડાસાંગાણી

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લ ઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૦૨/કવા–૦૩/૧૭–૧૮ કમિટી મીટીંગ: તા. ૧૫–૧૧–૧૭ સ્થળ : રાજકોટ

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: રઘુભાઈ જીણાભાઈ પોકર, ગામ: ઘોઘાવદર

રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ ન હતા.

વિરુધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, કોટડાસાંગાણી (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ગોંડલ)

રજુઆત કરનાર :વી.જી.મારકણા (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી ગોંડલ)

## : હુકમ :

ફરીયાદ : ખેત જોડાણ મા વીજતાર લગાડવા સામે વાંધા અરજી

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના ગામ: ઘોઘાવદર ખાતે, તેમની માલીકી ના સર્વે નંબર: ૨૦૨ પૈકી ૧ ખેતર ૫૨ – અશ્વિનભાઈ રામજીભાઈ ભંડેરી ના – નવા ખેતીવાડી વીજજોડાણ માટે ની વીજલાઈન ના થાંભલા ઉભા કરાયેલ છે. સદર ખેતર મા – ઉભા કરાયેલા સદર થાંભલાઓ નીચે – તેઓનુ ખેતઘર અને ઢાળીયુ આવેલ છે. તેઓ પોતાના ઢાળીયા ને પાડીને બે માળ નુ મકાન બનાવવા ઈચ્છે છે, તેમજ શ્રી અશ્વિનભાઈ રામજીભાઈ ભંડેરી ના – નવા ખેતીવાડી વીજજોડાણ માટે – અન્ય જગ્યાએ થી વીજલાઈન મુકવામા આવે તો – તે વીજલાઈન ની લંબાઈ ટુકી હોવાથી – પીજીવીસીએલ ને આર્થિક નુકશાન થાય તેમ છે. તેમજ, તેમની જમીન ૫૨ થી વીજલાઈન પસાર કરવામા આવે અને ભવિષ્ય મા – તેઓને કોઈપણ પ્રકાર ની આર્થિક નુકશાની જાય તો – તેની જવાબદારી કોની ગણાવી. આ મુજબ ની રજુઆતે – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવે છે કે અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ ના અનુસંધાને, અરજદાર શ્રી અશ્વિનભાઈ રામજીભાઈ ભંડેરી એ ખેતીવાડી વિષયક નવા વીજજોડાણ મેળવવા માટે તા.૨૭–૦૧–૧૨ ના રોજ ગામ: ઘોઘાવદર ખાતે, તેમની માલીકી ના સર્વે નંબર: ૨૦૧ પૈકી ૩ મા અરજી કરેલ હતી. જેનો અગ્રતાક્રમ મુજબ ભાવપત્રક તા.૩૦–૦૬–૧૭ ના રોજ અપાયેલ હતુ. જે તેઓ દ્રારા તા.૦૫–૦૭–૧૭ ના રોજ ભરપાઈ કરાયેલ હતુ. જેના અનુસંધાને, કોન્ટ્રાકટર દ્રારા સર્વે મુજબ પોલ ઉભા કરાતા, અરજદાર શ્રી રઘુભાઈ જીણાભાઈ પોકર દ્રારા વાંધો લેવાતા મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે પીજીવીસીએલ ની સબંધક કચેરી દ્રારા સદર વીજ જોડાણ અંગેનુ ફરીથી ફરીયાદી અરજદાર ની હાજરી મા તા.૨૬–૧૦–૧૭ ના રોજ સ્થળ રોજકામ કરાયેલ – તે મુજબ હૈયાત ભીખુભાઈ પોપટભાઈ ના ખેતીવાડી વીજજોડાણ ના ટ્રાન્સફોર્મર માથી સર્વે કરાયેલ હતુ. જેના બદલે – શ્રી અશ્વિનભાઈ રામજીભાઈ ભંડેરી ને બાવાભાઈ નાનજીભાઈ ભંડેરી ના હૈયાત ખેતીવાડી વીજજોડાણ ના ટ્રાન્સફોર્મર માથી સર્વે કરતા વીજ જોડાણ આપવાની કાર્યવાહી કરવામા આવેતો, ફરીયાદી તેમજ અન્ય કોઈ ને વાંધો કે તકરાર નથી. તે મુજબ ના તા.૧૪–૧૧–૧૭ ના રોજ ના લેખીત સંમતીપત્ર હેઠળ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી અરજદાર શ્રી ના નિરાકરણ કરાયેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| <u>૩.૧</u> | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે ની કાર્યવાહી મુજબ, શ્રી અશ્વિનભાઈ રામજીભાઈ ભંડેરી ને બાવાભાઈ નાનજીભાઈ ભંડેરી ના હૈયાત ખેતીવાડી વીજજોડાણ ના ટ્રાન્સફોર્મર માથી ફરીથી સર્વે કરતા વીજ જોડાણ આપવાની કાર્યવાહી કરવામા આવશે, તે મુજબ ફરીયાદી તેમજ અન્ય કોઈ ને વાંધો કે તકરાર નથી. તે અન્વયે તા.૧૪–૧૧–૧૭ ના રોજ અરજદાર શ્રી રઘુભાઈ જીણાભાઈ પોકર ના લેખીત સંમતીપત્ર હેઠળ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી અરજદાર શ્રી ના નિરાકરણ કરાયેલ છે. |

<u>મુદદા નં.–૪ :</u>

## <u>હુકમ</u>

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, તા.૧૪–૧૧–૧૭ ના રોજ અરજદાર શ્રી રઘુભાઈ જીણાભાઈ પોકર ના લેખીત સંમતીપત્ર હેઠળ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી અરજદાર શ્રી ના નિરાકરણ કરાયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.